# ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૨ માટે ખરીફ મગફળીના ભાવનો વરતારો

મગફળી એ ભારતમાં તેલીબિયાંનો એક મહત્વપૂર્ણ પાક છે જે વિશ્વમાં વાવેતરની દ્રષ્ટિએ પ્રથમ અને ઉત્પાદનની દ્રષ્ટિએ બીજા સ્થાને છે. ભારતમાં મગફળીનું ઉત્પાદન બજારમાં ઓક્ટોબર-નવેમ્બર માં આવે છે. વર્ષ ૨૦૨૧માં ઉત્પાદન અને ઉપભોક્તામાં ચીન ૧૭૯ લાખ ટન મગફળીના ઉત્પાદન સાથે પ્રથમ, ત્યારબાદ ભારત (૬૭ લાખ ટન), નાઇજીરીયા (૪૨.૩૧ લાખ ટન), અમેરિકા (૨૭.૯૩ લાખ ટન) અને સુદાન (૨૭.૭૩ લાખ ટન) સ્થાન ધરાવે છે.

ભારતમાં વર્ષ ૨૦૨૨ દરમ્યાન ચોમાસું મગફળીનો વાવેતર વિસ્તાર ૪૫.૧૪ લાખ હેક્ટર નોંધાયેલ જે ગત વર્ષ ૨૦૨૧માં ૪૮.૬૪ લાખ હેક્ટર હતો. વર્ષ ૨૦૨૨-૨૩માં મગફળીનું ઉત્પાદન અંદાજે ૮૩.૬૯ લાખ ટન થનાર છે જે ગત વર્ષ ૨૦૨૧-૨૨માં ૮૩.૭૫ લાખ ટન હતું. ગુજરાત, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને રાજસ્થાન મગફળીના મુખ્ય ઉત્પાદક રાજ્યો છે જે કૂલ ઉત્પાદનના ૭૭ ટકા હિસ્સો ધરાવે છે. ખરીફ ૨૦૨૨ દરમિયાન, દક્ષિણના રાજ્યોમાં ખાસ કરીને આંધ્રપ્રદેશમાં મગફળીની વાવણી કુલ વિસ્તારના માત્ર ૨૦ ટકા થયેલ છે જ્યારે કર્ણાટકમાં તે પાછલા વર્ષની સરખામણીએ કુલ વિસ્તારના ૩૫ ટકા છે.

વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન મગફળીની ભારતમાંથી નિકાસ ૬.૩૮ લાખ ટન હતી જે ઘટીને ૨૦૨૧-૨૨માં ૫.૧૪ લાખ ટન થઈ છે. ચીનમાં મગફળીની ઓછી માંગને લીધે નિકાસમાં ઘટાડો થયો છે. હાલમાં, ઇન્ડોનેશિયા, વિયેતનામ, ફિલિપાઇન્સ, મલેશિયા, યુનાઇટેડ આરબ અને થાઇલેન્ડ ભારત માંથી મગફળી ખરીદનાર દેશો છે. આ દેશોમાં, લગભગ કૂલ મગફળીની નિકાસના ૮૬ ટકા નિકાસ થાય છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ભારતમાંથી સીંગતેલની નિકાસમાં ૧.૦૯ લાખ ટનનો ઘટાડો થયો હતો જે ૨૦૨૦-૨૧માં ૧.૬૮ લાખ ટન હતો. આ સમયગાળામાં મગફળીના તેલની ચીનમાં ઓછી માંગને કારણે ઓછી નિકાસ થયેલ.

યુનાઇટેડ સ્ટેટ્સ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ચીનમાં ૧૭.૭ મિલિયન ટન મગફળીના ઉત્પાદનની આગાહી કરવામાં આવી હતી, જે વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન સમાન રહેવાની સંભાવના છે. જોકે ચીનમાં દુષ્કાળના કારણે મગફળીની આયાત વધવાની શક્યતા છે જેના પરિણામે ભારતીય સ્થાનિક બજારમાં મગફળીની માંગ વધશે.

નાફેડ દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૨.૮૬ લાખ ટન મગફળીની ખરીદી કરવામાં આવી હતી, જે ૨૦૧૯-૨૦ દરમ્યાન ૭.૨૧ લાખ ટન હતી. મગફળીના ટેકાનો ભાવ ૨૦૨૧-૨૨ દરમ્યાન રૂપિયા ૫૫૫૦ પ્રતિ ક્વિન્ટલથી વધારીને ખરીફ ૨૦૨૨-૨૩ માટે રૂપિયા ૫૮૫૦ પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૨૨માં ગુજરાતમાં ચોમાસું મગફળીનો વાવેતર વિસ્તાર ૧૭.૦૧ લાખ હેક્ટર નોંધાયો જે ગત વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૧૯.૨૬ લાખ હેક્ટર હતો. વર્ષ ૨૦૨૨-૨૩માં મગફળીનું ઉત્પાદન અંદાજે ૩૯.૧૭ લાખ ટન થવાની શક્યતા છે જે વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૩.૫૯ લાખ ટન થયું હતું.

ગુજરાતના વિવિધ બજારોમાં મગફળીનો ભાવ ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૦માં રૂપિયા.૯૭૭ પ્રતિ મણથી (૨૦ કિગ્રા) વધીને ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૧માં રૂપિયા ૧૧૧૦ પ્રતિ મણ થયેલ. હાલ ઓગસ્ટ-૨૦૨૨ દરમ્યાન મગફળીનો ભાવ ગુજરાતનાં બજારોમાં રૂપિયા ૧૨૫૨ પ્રતિ મણ છે.

આમ, ચીનમાં દુષ્કાળ અને ગુજરાતમાં તેમજ દક્ષિણ ભારતના અન્ય રાજ્યોમાં મગફળીના ઓછા વાવેતરને કારણે મગફળીના ભાવ નજીકના ભવિષ્યમાં વધી શકે છે.

ઉપરોક્ત ઉત્પાદન, આંતરરાષ્ટ્રીય બજારમાં માંગ અને સ્થાનિક બજારોની વિગતોને ધ્યાનમાં લઈને સેન્ટર ફોર એગ્રીકલ્ચરલ માર્કેટ ઈન્ટેલીજન્સ નાહેપ-કાસ્ટ પ્રોજેક્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે સંશોધન હાથ ધરવામાં આવેલ જેમાં રાજકોટ માર્કેટ યાર્ડનાં મગફળીના ૧૭ વર્ષોના માસિક ભાવોનુ વિશ્લેષણ કરેલ છે જેના તારણ પરથી અનુમાન છે કે મગફળીનો ભાવ **ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૨માં રૂપિયા ૫૭૦૦ થી ૬૩૦૦ પ્રતિ ક્વિન્ટલ ( રૂપિયા ૧૧૪૦ થી ૧૨૬૦ પ્રતિ ૨૦ કિગ્રા)** રહેવાની સંભાવના છે.

***નોંધ: આંતરરાષ્ટ્રીય કિંમતોમાં ફેરફાર, નિકાસ અથવા આયાત પ્રતિબંધો વગેરે જેવા કોમોડિટી બજારોમાં નવા પરિવર્તનો ને કારણે આગાહી કરેલા ભાવો કરતાં વાસ્તવિક ભાવોમાં ફેરફાર થઈ શકે છે. ભાવોનો આ અંદાજ અગાઉના વર્ષોના માસિક ભાવોનું વિશ્લેષણ અને આંકડાકીય મોડેલોના તારણ પરથી કરેલ છે તેથી વાસ્તવિક બજાર ભાવ અને આગાહી કરેલા ભાવ સમાન ન પણ હોઈ શકે.***